જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૩/૦૭/૨૦૧૬ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૨૨૦/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી ૧૯૭ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૩ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૧૮૦૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૨૨૧/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૫૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

અપહરણઃ- સમાચાર યાદી નં.૧૨૨૨/૧૬

**રામોલ : તારાચંદભાઇ રંગારામજી પ્રજાપતિ** (રહે,હિરા ભરવાડની ચાલી, સત્યમનગર, અમરાઇવાડી) એ તા.૨/૭/૧૬ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૬/૧૬ નાં કલાક ૧૨/૧૫ વાગ્યાના સુમારે રબારી કોલોની, ડીલક્ષ સર્જીકલ કારખાનેથી પોતાની પુત્રી જલ્પા (ઉ.વ.૧૭) ને કોઇ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી.આઇ.સોલંકી ચલાવે છે.

કેફી પદાર્થવાળુ બિસ્કીટ ખવડાવી લુંટ :- સમાચાર યાદી નં.૧૨૨૩/૧૬

**સેટેલાઇટ : નિર્મલભાઇ લખુભાઇ મોઢવાડીયા (ઉ.વ.૨૩)**(રહે.સોયાન એપાર્ટમેન્ટ, સેક્શન રોડ, રાજકોટ) એ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૭/૧૬ રાતનાં ૧૦/૩૦ થી તા.૨/૭/૧૬ નાં કલાક ૩/૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન કામરેજ ચોકડી થી બસમાં બેસી જોધપુર ચાર રસ્તા સુધીની કરેલ મુસાફરી દરમ્યાન એક પુરૂષ (૪૦ વર્ષના આશરાનો) એ નિર્મલભાઇને કેફી પદાર્થવાળુ બિસ્કીટ ખવડાવી, બેભાન કરી, સોનાની ચેઇન કિંમત રૂપિયા ૫૦,૦૦૦/-, સોનાની લકી કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- મતાની લુંટ કરી પલાયન થઇ ગયો હતો. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.યુ.મશી ચલાવે છે.

ચોરી :- સમાચાર યાદી નં.૧૨૨૪/૧૬

**વટવાઃ** ગોવિંદભાઈ ગણપતસિહ રાજપુત (રહે.વ્રજભુમી સોસાયટી જેઠાભાઈની વાવ પાસે ઈસનપુર રોડ વટવા) એ તા.૨/૭/૧૬ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૬/૧૬ કલાક ૦૦/૩૦ થી ૩/૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન લાભાં ટર્નિંગ પાસે આવેલ કોઠારી મેટલ લીમીટેડ નજીક પાર્ક કરેલ ટાટા ગાડીમાંથી અજાણી વ્યક્તિ અલગ-અલગ સાઈઝના ટાયર નંગ-૯૯ કિંમત રૂપિયા ૧,૩૦,૫૧૬/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ એ ગોહિલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૨૨૫/૧૬**

**આનંદનગરઃ જયસિંગ હરીસિંગ રાજપુરોહીત** (રહે.પટેલ વાસ, જોધપુર ગામ, સેટેલાઇટ) એ તા.૧/૭/૧૬ ના કલાક ૧/૦૦ વાગ્યાના સુમારે સેટેલાઇટ જોધપુર કેસર પાર્ટી પ્લોટ સામે આવેલ ન્યુ જય ડેકોરેશન નામની દુકાન આગળ પોતાની બોલેરો પીકપ ગાડી નંબર જીજે.૦૧.ડી.ટી.૪૮૨૪ કિંમત રૂપિયા ૪,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી સવારનાં ૫/૩૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ જયસિંગ રાજપુરોહિતે આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી.બી.રણા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૨૨૬/૧૬**

**"જે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ કરણકુમાર કમલેશભાઇ વાળા** (ઉ.વ.૨૨)**(રહે.રાજપથ બંગલોઝ, સ્મૃતિ મંદિર પાસે, નિગમ સોસાયટી, ઘોડાસર વટવા)** તા.૩/૭/૧૬ ના કલાક ૦૦/૪૫ વાગ્યાના સુમારે પોતાની મોટર સાયકલ ચલાવી જશોદાનગર કેડીલાબ્રીજ ચઢતાં હતા દરમ્યાન અજાણ્યા વાહન ચાલકે વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી, કરણકુમારનાં મોટર સાયકલને ટક્કર મારતાં, કરણકુમારને શરીરે ગંભીર ઈજાઓ થતાં, તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનારની માતા કુસુમબહેન વાળા એ **"જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે.આ ગુનાની તપાસ** પો.ઈ.શ્રી કે.કે.પરમાર ચલાવે છે.

**પહેલા માળેથી પડી જતાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૨૨૭/૧૬**

**જી.આઇ.ડી.સી.વટવાઃ પંકજભાઇ ઇન્દ્રભુષણભાઇ યાદવ** (ઉ.વ.૩૨)(રહે.કૈલાસનગર વટવા) તા.૨/૭/૧૬ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે જીઆઈડીસી વટવા ફૈઝ-૨ પ્લોટ નંબર-૨૧૦ ડેસ્કો ડાઈકેમ પ્રા.લી.માં ફીટરનુ કામ કરતા હતા ત્યારે પહેલા માળેથી લપસી નીચે પડી જતા માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા સારવાર માટે એલ.જી.હોસ્પીટલમાં લઈ જતા સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે જીઆઈડીસી વટવા પોલીસે અકસ્માતમોત નોધી આ અંગેની તપાસ પોસઈશ્રી એમ એમ ઠાકોર ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૨૨૮/૧૬**

**શાહપુરઃ** રોહીત કચરાભાઈ દાંતણીયા (ઉ.વ.૪૪) (રહે.મફતલાલ બુખારીદાસની ચાલી બાવાના વંડા સામે નાગોરીવાડ) એ ગંભીર બિમારીથી કંટાળી તા.૨/૭/૧૬ કલાક ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે પોતાના શરીર ઉપર કેરોસીન છાંટી સળગી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી સી વાય બારોટ ચલાવે છે.

**રિવરફ્રન્ટ વેસ્ટ** : રેખાબહેન દિનેશભાઇ મકવાણા (ઉ.વ.૧૪) (રહે.મોહન દરજીની ચાલી, બહેરામપુરા) એ બીમારીથી કંટાળી તા.૨/૭/૧૬ કલાક ૬/૪૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે જમાલપુર ફુલબજાર તરફ સ્મશાનગૃહની બાજુમાં સાબરમતી નદીમાં પડતુ મુકી, આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.બી.ગોહીલ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)